# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika


વર્ષ : ૧૬    ૨૦૨૨ : મે
અંક : ૦૫    માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પરેશકુમાર બિપિનચંદ્ર દવે | દસક્રોઈ | ૪૭૮૩ |
| ૨. | શ્રી દિલેશભાઈ વી. દવે | મુંબઈ | ૪૭૮૪ |
| ૩. | શ્રી કરનભાઈ પરાગભાઈ ભટ્ટ | અમદાવાદ | ૪૭૮૫ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ભાસ્કરભાઈ ત્રિવેદી | અમદાવાદ | રૂ. ૩૬૫/- |
| ૨. | શ્રી કલાબેન તથા ભરતભાઈ દેસાઈને લગ્નજીવનના ૭૦ વર્ષની ખુશાલીમાં હસ્તે - શ્રી મયુરભાઈ વિષ્ણુપ્રસાદ દવે | વડોદરા | રૂ. ૩૧૦૨/- |
| ૩. | શ્રી નિમાબેન દર્શનભાઈ દવે | આણંદ | રૂ. ૫૧૦/- |
| ૪. | શ્રી દર્શનભાઈ દવે | આણંદ | રૂ. ૫૦૧/- |
| ૫. | શ્રી મીનાબેન ઈન્દ્રવદન ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૬. | શ્રી સુરેન્દ્રકુમાર તથા મંજુલાબેનની લગ્નજીવનના ૫૦મી લગ્નતિથિ નિમિત્તે શ્રી દિવ્યાંગભાઈ સુરેન્દ્રકુમાર ઠાકર | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૭. | શ્રી સુરેન્દ્રકુમાર તથા મંજુલાબેનની લગ્નજીવનના ૫૦મી લગ્નતિથિ નિમિત્તે શ્રી જીગીષાબેન દિવ્યાંગભાઈ ઠાકર | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |

## ભેટ

- સ્વ. શ્રી હસમુખભાઈ ચુનીલાલ દવે તથા સ્વ. શ્રી કોકીલાબેન હસમુખભાઈ દવેની પુણ્યતિથી નિમિત્તે તેમના સુપુત્ર પ્રિતેશ દવે તથા રીપુલ દવે તરફથી પત્રિકાને રૂ. ૧૦૦૦/- સ્મૃતિભેટ મળેલ છે.

## શૈક્ષણિક સમાચાર

- આણંદ નિવાસી શ્રી પરેશકુમાર મનહરલાલ દવે તથા અ.સૌ. સોનલબેન પરેશકુમાર દવેનાં સુપુત્રી ચિ. ડૉ. શૈલના તાજેતરમાં શુભ વિવાહ સ્પેન નિવાસી ચિ. ડૉ. દેવકુમાર સાથે યુ.એસ.એ. મુકામે યોજાઈ ગયેલ છે. તો શ્રી પરેશકુમાર દવેનાં પરિવાર તરફથી બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૧૧૧/- ભેટ તરીકે આપેલ છે.

# તંત્રી લેખ...

## માનવ દેહની રચના જાણો

૧. પંચ મહાભૂત – પૃથ્વી, પ્રાણ, પવન, પ્રકાશ, આકાશ. પાંચ જ્ઞાનેન્દ્રિય – આંખ, કાન, નાક, જીભ, ત્વચા, પાંચ કર્મેન્દ્રિય – હાથ, પગ, ગુદા, લિંગ, વાણી. પાંચ તન્માત્રા – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ચાર અંતઃકરણ – મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આમ શરીર ૨૪ તત્વોનું બનેલું છે અને ૨૫મો આત્મા.

૨. મળ, મૂત્ર વાછૂટ, વીર્ય, ભૂખ, તરસ, હાસ્ય, રૂદન, ઊંઘ, ઊલટી, ઉધરસ, છીંક, બગાસુ આ શરીરના ૧૩ કુદરતી આવેગો છે.

૩. આંખ–૨, નાક–૨, કાન–૨, મુખ, લિંગ અને ગુદા કુલ ૯ દ્વારવાળી આ શરીરની નગરી છે.

૪. આધિ (માનસિક પીડા) વ્યાધિ (શારીરિક પીડા) ઉપાધી (દૈવિક પીડા) આ શરીરનાં મુખ્ય ત્રણ દુઃખો છે.

૫. સમગ્ર વિશ્વમાં સાડા સાત અબજની વસતિ છે પણ તમામે તમામના અંગૂઠાનું નિશાન એક સરખું કોઈની સાથે મળતું આવતું નથી.

૬. એક દિવસમાં શરીર ૨૧,૬૦૦ શ્વાસ લેવા–છોડવાની પ્રક્રિયા છે.

૭. શરીરમાં શ્વાસ લેવાની ક્રિયાને પૂરક, શ્વાસ રોકવાની ક્રિયાને કુંભક અને શ્વાસ છોડવાની યૌગિક પ્રક્રિયાને રેચક કહેવામાં આવે છે.

૮. શાસ્ત્રોમાં કામ (વાસના), ક્રોધ (ગુસ્સો), લોભ (લાલચ), મોહ, મદ (અહંકાર–અભિમાન) અને મત્સર (ઈર્ષ્યા–અદેખાઈ) આ છ ને શરીરના શત્રુ કહેવામાં આવ્યા છે જેનો દરેકે ત્યાગ કરવાનો છે.

૯. સત્ય, અહિંસા, દયા, તપ, અચૌર્ય અને અપરિગ્રહને શાસ્ત્રોમાં આ માનવશરીરના પરમમિત્રો કહ્યા છે જેનું દરેકે આચરણ કરવાનું છે.

૧૦. શ્રીમદ ભગવદગીતાની દૃષ્ટિએ સમગ્ર સૃષ્ટિમાં સત્વ, રજ અને તમ આ ત્રણ ગુણથી કોઈ શરીર બાકાત રહેતું નથી.

૧૧. ઇંડા, પિંગલા અને સુષુમણા – આ શરીરની ત્રણ મુખ્ય નાડીઓ છે.

૧૨. આ શરીરની વાત, પિત્ત અને કફ – એમ ત્રણ પ્રકારની પ્રકૃતિ છે.

૧૩. શરીરના ચાર પુરુષાર્થ છે – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

૧૪. જાગૃત, સ્વપ્ન, સુષુપ્ત અને તુરીય – એ શરીરની ૪ અવસ્થા છે.

૧૫. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી (મનુષ્યો બોલે છે એ વૈખરી વાણી છે) ચાર પ્રકારની વાણી જીભથી બોલાય છે.

૧૬. શરીરની ચાર અવસ્થા, બાળક, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધ

૧૭. પંચકર્મથી આ શરીરની શુદ્ધિ થઈ શકે છે, જેમાં વમન, વિરેચન, બસ્તી, નસ્ય અને રક્તમોક્ષણનો સમાવેશ થાય છે.

૧૮. શરીરમાં ગુદા પાસે મૂલાધાર, લિંગ પાસે સ્વાધિષ્ઠાન, નાભિ પાસે મણિપુર, હૃદય પાસે અનાહત, કંઠ પાસે વિશુદ્ધિ અને લલાટે આજ્ઞાચક્ર એમ છ ચક્રોનો ઉલ્લેખ કુંડલિની જાગૃત કરવા યોગશાસ્ત્રમાં છે.

૧૯. આપણું શરીર જીભ દ્વારા તીખો, તૂરો, ખાટો, ખારો, કડવો, ગળ્યો એમ છ પ્રકારના સ્વાદનો અનુભવ કરી શકે છે.

૨૦. ચાવીને, ચાટીને, ચૂસીને અને ગળી જઈને - એમ ચાર પ્રકારનાં ભોજન મુખ દ્વારા આ શરીર કરી શકે છે.

૨૧. ગીતામાં જણાવ્યા અનુસાર કીર્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, બુદ્ધિ, ધીરજ અને ક્ષમાની પ્રકૃતિ સ્વરૂપે દરેક શરીરમાં શ્રી કૃષ્ણ ભગવાન વ્યાપ્ત છે.

૨૨. જેમાં શરીરના આઠ અંગો સક્રિય થઈ પ્રણામ થાય છે તેને અષ્ટાંગ પ્રમાણ કહે છે. જેમ કે : છાતી, માથું, દૃષ્ટિ, મન, વચન, હાથ, પગ અને ઢીંચણ

૨૩. આ શરીર વિવિધ અંગો દ્વારા શૃંગાર, કરૂણ, હાસ્ય, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભુત, શાંત - એમ નવ રસનો અનુભવ કરી શકે છે.

૨૪. આ શરીરમાંથી જુદા જુદા અવયવો દ્વારા નીચે મુજબના મેલનો નિકાલ થાય છે મળ, મૂત્ર, પરસેવો, ગૂંગાં, કફ, પરૂ, ચીપડા, કાનનો મેલ, જીભ પરની છારી વગેરે.

૨૫. આત્માના કલ્યાણ માટે નવધા ભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, વંદન, દાસત્વ, સખા, યાદસેવન અને આત્મા નિવેદન) દ્વારા આ શરીર પરમાત્માની પ્રાપ્તિ કરવા - મોક્ષ મેળવવાનું શ્રેષ્ઠ સાધન છે.

**વૈજ્ઞાનિક દૃષ્ટિએ શરીર રચનાનું વર્ણન -**

૧. આપણાં બે ફેફસામાં કુલ ચાર અબજ વાયુકોષો છે.

૨. બંને ફેફસામાં મળી નાની નાની કુલ અઢી કરોડ શ્વાસવાહિનીઓ છે.

૩. બંને ફેફસાંની રક્તવાહિનીઓની કુલ લંબાઈ ૧૬૦૦ કિ.મી. થાય છે.

૪. એકી શ્વાસે માણસ ફેફસામાં ૪ લિટર હવા ભરી શકે છે.

૫. ૨૪ કલાકમાં માણસનું હૃદય ૧,૦૩,૬૮૦ વખત ધબકે છે.

૬. પુખ્ત વયના માણસના હૃદયનું વજન ૩૦૦ ગ્રામ હોય છે.

૭. હૃદયની લંબાઈ ૧૩ સે.મી., પહોળાઈ ૯ સે.મી. અને જાડાઈ ૬ સે.મી. હોય છે.

૮. હૃદયની પમ્પીંગ વખતે લોહીને ૩૦ (ત્રીસ) ફૂટ દૂર ફેંકી શકે છે.

૯. એક મિનિટમાં પાંચ લિટર લેખે ચોવીસ કલાકમાં ૭૨૦૦ લિટર લોહી હૃદય પમ્પીંગ કરે છે.

૧૦. ફક્ત નાડી તપાસી આયુર્વેદ ૩૮ રોગોનું નિદાન કરી શકે છે.

૧૧. રાત્રે હૃદયના ધબકારા ૫૫ અને દિવસે ૭૨ હોય છે.

૧૨. પગના અંગુઠાથી માથા સુધી દોઢ લાખ રક્તવાહિનીઓ છે.

૧૩. આ રક્તવાહિનીઓને એક જ લીટીમાં ગોઠવો તો લંબાઈ ૬૦,૦૦૦ કિ.મી. થાય છે.

૧૪. પુખ્ય વયની વ્યક્તિમાં કુલ ૭ લિટર લોહી હોય છે.
૧૫. લોહીના રક્તકણોને આખા શરીરમાં ફરતાં માત્ર ૨૦ સેકન્ડ લાગે છે.
૧૬. આપણે એક મિનિટમાં ૨૫૦ સ્.ન. પ્રાણવાયુ લઈ ૨૦૦ સ્.ન. અંગાર વાયુ એવા છોડીએ છીએ.
૧૭. શરીરના તમામ રક્તકણો સીધી લીટીમાં ગોઠવતાં લંબાઈ ૩૩૦૦ દ્ર.સ્. થાય.
૧૮. બંને કીડનીમાં મળી કુલ ૨૦ લાખ ઉત્સર્ગ એકમો કાર્યરત હોય છે.
૧૯. એક કીડનીમાં અઢી લાખથી નવ લાખ નલિકાઓ (નેફ્રોન) હોય છે.
૨૦. બંને કીડીનીઓ મળી એક દિવસમાં ૧૫૦૦ લિટર લોહી શુદ્ધ કરે છે.
૨૧. શરીરના નાના આંતરડાની લંબાઈ ૨૫ ફૂટ હોય છે.
૨૨. મોટા આંતરડાની લંબાઈ ૬ ફૂટ હોય છે.
૨૩. મુખથી ગુદાસુધી ખોરાક કુલ ૩૫ ફૂટની ક્રિયાઓમાંથી પસાર થાય છે.
૨૪. માણસની હોજરીમાં એક સાથે ૪ કિલો ખોરાક સમાઈ શકે છે.
૨૫. નવજાત શિશુમાં ૩૧૦ હાડકાં અને યુવાનીમાં કુલ ૨૦૬ હાડકાં હોય છે.
૨૬. મનુષ્યના બે હાથમાં કુલ ૨૭ હાડકાં છે.
૨૭. મનુષ્યના માથાની ખોપરી ૨૨ હાડકાંથી જોડાયેલી છે.
૨૮. પરસેવાના નિકાલ માટે આખા શરીરમાં પાંચ કરોડ પ્રસ્વેદ ગ્રંથિઓ છે.
૨૯. શરીરમાં સ્નાયુઓની કુલ સંખ્યા ૭૦૦ છે.
૩૦. એક ચોરસ ફૂટ ચામડીમાં પંદરસો છીદ્રો હોય છે.
૩૧. માણસ જ્યારે બોલે છે ત્યારે એક સાથે ૭૨ સ્નાયુઓ સક્રિય હોય છે.
૩૨. માણસ ક્રોધ-ગુસ્સો કરે ત્યારે ૧૨૮ સ્નાયુઓ ઉપર સીધી અસર થાય છે.
૩૩. મોટા મગજનું વજન આશરે દોઢ કિલો હોય છે.
૩૪. નાના અને મોટા મગજમાં મળી કુલ ૧૦૦ અબજ કોષો હોય છે.
૩૫. સ્વાદ પરખવા જીભ ઉપર ૩૦૦૦ સ્વાદગ્રંથિઓ છે.
૩૬. જીભ ઉપરના સ્વાદ કેન્દ્રો દર ૪ દિવસે નવા બને છે.
૩૭. માણસની આંખો ૨૪ કલાકમાં ૧૪,૪૦૦ વખત પલકારા મારે છે.
૩૮. એક મિનિટના ૧૫ શ્વાસ લેખે ૨૪ કલાકમાં આપણે ૨૧૬૦૦ શ્વાસ લઈએ છીએ.
૩૯. ૨૪ કલાકમાં શરીરમાંથી નવ છિદ્રો દ્વારા પાંચ કિલો કચરાનો નિકાલ થાય છે.
૪૦. માણસને એક દિવસમાં ૧૩ ઘનમીટર શુદ્ધ હવાની જરૂર પડે છે.
૪૧. ૮ કલાકની ઉંઘમાં માણસ ૩૫ વખથ્ત પડખાં બદલે છે.
૪૨. પિનિયલ, હાઈપોથેલેમસ, પિચ્યુટરી, થાઈરોડ, સ્વાદુપિંડ, એડ્રીનલ, શુક્રપિંડ, અંડપિંડ ૮ ગ્રંથિઓ છે.
૪૩. શરીરમાં ૭૮ અંગો બે અક્ષરનાં છે જેમ કે હાથ, પગ, આંખ, કાન વગેરે.
૪૪. આંખ-કાન-નાકનાં ૬ દ્વાર મુખ, લિંગ, ગુદામળી કુલ ૯ દ્વાર છે.

૪૫. શ્વસન – ઉત્સર્ગ – પાચન – રૂધિરાભિષણ – જ્ઞાન – પાંચ તંત્રો શરીર ચલાવે છે.
૪૬. આંખની પાંપણો દર ૬૪ દિવસે નવી ફૂટે છે.
૪૭. પ્રકાશનું વિશ્લેષણ કરવા આંખોમાં ૭૦ લાખ રીસેપ્ટર હોય છે.
૪૮. આંખનો કોર્નિયા એક માત્ર અંગ છ જેમાંથી એક પણ રક્તવાહિની નથી.
૪૯. આંખો દ્વારા માણસ કુલ ૨૦૦૦થી વધુ રંગો ઓળખી શકે છે.
૫૦. હોજરીનું અંદરનું આવરણ દર ૧૦ દિવસે નવું બને છે.
૫૧. માણસના આખા શરીરમાં કુલ ૬૦,૦૦૦ અબજ કોષો છે.
૫૨. આખા શરીરના જ્ઞાનતંતુઓની લંબાઈ ૭૨ કિ.મી.ની થાય છે.
૫૩. આપણા શરીરમાં ૨/૩ ભાગમાં પાણી છે.
૫૪. શરીરનું સામાન્ય તાપમાન ૯૮.૪ ફેરનહીટ હોય છે.
૫૫. સૌથી ઓછું માઈનસ–૨૦ અને વધુ ૫૫ ડીગ્રી (ઠંડી–ગરમી) તાપમાન શરીર સહન કરી શકે છે.
૫૬. આપણા શ્વાસ–ઉચ્છાસનો અવાજ ૧૦ ડેસિબલ હોય છે.
૫૭. બાળકને ૧૦૦, યુવાનને–૩૫૦૦, પ્રૌઢને–૨૦૦૦ અને સ્ત્રીને ૧૮૦૦ કેલરીની જરૂર પડે છે.
૫૮. આખા જીવનમાં (૨૦ થી ૫૫ વર્ષ) માણસ–૧૨૦ વખત રક્તદાન કરી શકે છે.
૫૯. ૧૦૦ વર્ષની જિંદગીમાં માણસ ૩૩ વર્ષ ઉંઘવામાં જ વીતાવે છે.
૬૦. જીવન દરમિયાન માણસ પૃથ્વીની એક પ્રદક્ષિણા પૂરા થાય તેટલું ચાલે છે.

આવું શરીર પરમાત્મા એ આપણેને ગિફ્ટમાં આપ્યું છે... મોક્ષ પ્રાપ્તિ માટે.. ને આપણે એનો ઉફયોગ સેમા કરીએ છીએ ?

પિંડે સો બ્રહ્માંડે

સર્વે ભવન્તુ સુખિન: – સર્વે સન્તુ નિરામયા: ।

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ., અમદાવાદ

## ખૂબ જ અગત્યની સૂચના

*શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિના શેર હોલ્ડરશ્રીના બાળકો અથવા વિદ્યાર્થી પોતે સંસ્થાના સભાસદ હોય તેવા ધો. ૧૦, ધો. ૧૨ તથા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા ટ્યુશન ફી આપવામાં આવે છે.*

*સભાસદના બાળકો પૂરતી જ આ યોજના છે. પૌત્ર કે પૌત્રી, ભાણા કે ભાણીને આ લાભો આપવામાં આવતા નથી.*

*લાભ લેનાર વ્યક્તિ પોતે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તો સભ્ય બની શકે છે. સભ્ય બનવા માટે જન્મનો દાખલો, પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા રૂ. ૫૧૦/- રોકડા ભરેથી સભાસદ થઈ શકાય. જે તે હિસાબી વર્ષ દરમ્યાન થયેલા સભ્યને હિસાબી વર્ષ બાદ ત્રણ હિસાબી વર્ષ પછી આ લાભ મળશે.*

*દા.ત. ૧-૪-૨૦૨૧ થી ૩૧-૩-૨૦૨૨ સુધીના થનાર સભાસદોને ૩૧-૩-૨૦૨૫ પછી આ લાભ મળશે. (ટૂંકમાં સભાસદ થયેલ હિસાબી વર્ષના ત્રણ વર્ષ બાદ લાભ મળવાપાત્ર છે.)*

*ધો. ૧૦ તથા ધો.૧૨ તથા કોલેજ માટે પરિણામની તારીખથી ૩૦ દિવસની અંદર સંસ્થાની ઓફિસે માર્કશીટ તથા સભાસદ સર્ટીની ઝેરોક્ષ સામેલ કરવાની રહેશે.*

*ધો.૧૦, ૧૨ અને કોલેજમાં ૨, ૪, ૬ અને ૮ સેમેસ્ટરની માર્કશીટો મોડી આવતી હોવાથી તે લોકોએ ૧, ૩, ૫ અને ૭માં સેમેસ્ટરની માર્કશીટ સામેલ કરી આ લાભ મેળવવા સમયસર એટલે કે ૩૦-૦૬ પહેલા મોકલી આપવાનું રહેશે એટલે કે જે વિદ્યાર્થી ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન અભ્યાસ કરે છે અને પરીક્ષા આપેલ છે તેઓએ છેલ્લા સેમીસ્ટરના રીઝલ્ટની માર્કશીટ બીડવી જરૂરી છે. જેથી આ લાભથી વંચિત રહે નહીં અને શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ ટ્યુશન ફી લાભાર્થીઓને પહોંચે. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચેકથી ચૂકવવામાં આવે છે જેની નોંધ લેશો. જુલાઈ મહિનાની આખરમાં લાભાર્થીઓને ઘરે પહોંચશે. જેના અંગે કોઈપણ પ્રકારના ફોન કરવા નહીં.*

*સમય મર્યાદા બહારની કોઈપણ અરજી નામંજૂર કરવાનો અબાધીત હક્ક સંસ્થાને છે. ઉપરની સમગ્ર માહિતી વાંચી અમલ કરવા વિનંતી છે.*

**(નોંધ - અભ્યાસ પૂર્ણ થઈ ગયેલ વિદ્યાર્થીને આ લાભ આપવામાં આવશે નહીં)**

**શિષ્યવૃત્તિની રકમના ચેક જે-તે શહેર/ગામની ઓફિસે અથવા જે-તે શહેર/ગામના પ્રમુખના ઘરે પહોંચાડવામાં આવશે. જેની માહિતી જે-તે શહેર/ગામ દ્વારા તમને મળશે. જેથી સંસ્થાની ઓફિસે ફોન કરવા નહીં. આ રકમના ચેક ૧૫ જુલાઈ પહેલાં મોકલવામાં આવનાર નથી જેની ખાસ નોંધ લેશો.**

**સમીર દવે**
**મંત્રી**

**પ્રણવ જોષી**
**પ્રમુખ**

**અને કારોબારી સભ્યોશ્રીઓ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – અમદાવાદ

## ખૂબ જ અગત્યની માહિતી આપના સુધી પહોંચડાવાનો નમ્ર પ્રયાસ

**સમગ્ર ભારતમાં વસતા જ્ઞાતિજનો, ગામે ગામ ચાલતા મંડળોના ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ નીચે મુજબની માહિતી આપના ગામ તથા આપના ટ્રસ્ટ માટે ખૂબ જ અગત્યની છે તેનો અમલ ન થાય તો ટ્રસ્ટ તથા ટ્રસ્ટીઓ / બધા જ હોદ્દેદારો મુશ્કેલીમાં મુકાઈ શકે.**

(૧) શું આપના ગામનું ટ્રસ્ટ ચેરીટેબલ એક્ટ હેઠળ રજીસ્ટર્ડ છે ? હા તો ઠીક છે. ના હોય તો વહેલામાં વહેલી તકે ટ્રસ્ટની રજીસ્ટર્ડ કરાવી લેવું જરૂરી છે.

(૨) શું બંધારણ મુજબ હિસાબો નિયમિત લખાય છે ? હિસાબો નિયમિત ઓડીટ થાય છે ? વાર્ષિક સાધારણ સભાઓ બોલાવવામાં આવે છે ? હા તો વાંધો નથી, ના તો નિયમિત રીતે જવાબદારીપૂર્વક આ બધું કરવાનું શરૂ કરો.

(૩) હિસાબો ઓડીટ કરી ઓડિટેડ હિસાબો ચેરીટી કમિશ્નરમાં જમા કરાવવામાં આવે છે ? નિયમિત ચેરીટી કમિશ્નરનો ફાળો ભરાય છે ? હા તો વાંધો નથી, ના તો હોય તો નિયમિત રીતે શરૂ કરો કાયદાની જોગવાઈ મુજબ આ જવાબદારીઓ ટ્રસ્ટીઓની અંગત બને છે અને તે માટે થનાર દંડ તથા વ્યાજ હોદ્દેદારોએ અંગત રીતે ભોગવવાનો હોય છે.

(૪) બંધારણ મુજબ ચુંટણી / નિમણુંક સમયસર થાય છે ? અને ત્યારબાદ ચેરીટી કમિશ્નર ઓફિસમાં ફેરફાર રિપોર્ટ નિયમિત ભરાય છે ? જો હા તો વાંધો નથી, ના તો તેના માટે સરકારના ધારા–ધોરણ મુજબ વિલંબિત ફેરફાર રિપોર્ટ ના ભરવાનો દંડ જે–તે વખતના ટ્રસ્ટીઓએ ભરવાનો અંગત થશે.

આપ સૌની જાણ માટે દિવસે – દિવસે સરકાર દ્વારા જાહેર હિતોના ટ્રસ્ટો માટે મહેરબાન મદદનીશ ચેરીટી કમિશ્નર દ્વારા નોટીસો કાઢી અને રેગ્યુલર ન હોય તેવા વહીવદારોનો ખૂબ જ આકરા દંડ કરતા હોય છે. ખાલી વાર્ષિક સાધારણ સભામાં ચૂંટાઈ આવવાથી જવાબદારી પૂરી થતી નથી. હિસાબો નિયમિત લખાવવા, હિસાબો ઓડીટ કરાવવા, ઈન્કમટેક્ષ રીટર્ન ભરવા તેમજ ચેરીટી કમિશ્નરમાં રીપોર્ટ કરવા, ચેરીટી કમિશ્નરનો ફાળો ભરવા અને ફેરફાર રીપોર્ટ ભરવાની જવબાદારી વહીવટદારોની હોય છે. આ કરવામાં કસૂરવાર થવાથી વહીવટદારોની અંગત જવાબદારી ગણીને તેઓને દંડ પણ કરવામાં આવે છે અને ચેરીટી કમિશ્નરશ્રી કાયમી ધોરણે કાર્ય કર્યું નથી તેમ સમજીને ટ્રસ્ટ / મંડળની સામે કાયદેસરની કાર્યવાહી કરી મંડળની સ્કીમ પણ કરી શકે છે. (વહીવટદાર નીમી શકે છે)

ખમીરવંતો ખેડાવાળ આમ તો ચોક્કસ જ હોય, પરંતુ ગામે ગામના ટ્રસ્ટ / મંડળના આજીવન સભ્યોની પણ એટલી જ જવાબદારી છે કે – હોદ્દેદારોને સવાલ પૂછી આ કાર્યવાહી થતી ન હોય તો જ્ઞાતિના વિશાળ હિતમાં આ વસ્તુઓ કરાવવી જોઈએ. ટીપે ટીપે સરોવર

ભરાય તેમ કરીને આપણા વડવાઓએ સ્થાવર, જંગમ મિલક્તો ઊભી કરી હોય જે બેકાળજીને કારણે વહીવટદારના હાથમાં જતી ન રહે તેનું ધ્યાન આપણે સૌએ રાખવું પડે.

**બીજી એક અગત્યની વાત**

જે ગામના ટ્રસ્ટો / મંડળો ચેરીટેબલ એક્ટ હેઠળ રજીસ્ટર્ડ નથી અને તેમનું ભંડોળ જે હોદ્દેદારોના અંગત નામે મુકેલ હોય તે ફોજદારી ગુનો બને છે. કલમ ૪૨૦ / ૪૬૭ / ૪૬૮ / ૧૨૦ બી / ૧૧૪ મુજબ બિનજામીન પાત્ર કાનુની ગુનો બને છે. જેની પણ નોંધ લેશો. આ માહિતી જનરલ માહિતી તરીકે કાયદાની અજાણતા હોવાના કારણે અથવા સમયના અભાવે અથવા જાણી જોઈને પ્રોસીઝર પૂરી ન થતી હોય તેવા લોકો માટે રેગ્યુલરાઈઝ કરવા માટે જ છે. આવો સૌ સાથે મળી આ માહિતી સમજી, તેને પૂર્ણ કરી રેગ્યુલરાઈઝ કરવામાં માટેના પ્રયત્નો વહેલી તકે આદરીયે.

સરકારશ્રી દ્વારા ખૂબ જ ટૂંકા સમયમાં આ અંગેના જલદ પગલાં લેવાની કાર્યવાહી થઈ શકે તેવી શક્યતાઓ છે. બાજખેડાવાળ આવી કોઈ ભૂલ કરે નહીં છતાં ભૂલ થતી હોય તો વહેલી તકે સુધરી જાય.

જરૂર પડે ટ્રસ્ટ એક્ટના સારા વકીલની સલાહ લઈ વહેલી તકે રેગ્યુલર થઈ જવું જેથી ટ્રસ્ટ તથા તેના હોદ્દેદારો અને સમગ્ર જ્ઞાતિસમાજ માટે હિતાવહ છે. આશા છે કે આપ સૌ આ માહિતીનો અમલ કરી યોગ્ય પગલાં લેશો.

(અનુભવના આધારે આ માહિતી આપશ્રીને પહોંચાડવાનો એક નમ્ર પ્રયાસ છે.)

**– કિરીટકુમાર દવે**

**પ્રમુખ – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

## પત્રિકા આજીવન સભ્ય જોગ

જય ભારત સાથે જણાવવાનું કે "બાજખેડાવાળ પત્રિકા" વર્ષોથી નિયમિત રીતે છપાય છે. કોરાના કાળ દરમ્યાન "બાજખેડાવાળ પત્રિકા" કદાચ થોડા મહિનામાં અનિયમિત થઈ હશે. પરંતુ હવે નિયમિત છપાય તેવા પ્રયત્નો હોદ્દેદારશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. પત્રિકામાં છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત રીતે કાગળનો ભાવ વધારો, ઈન્કનો ભાવવધારો તેમ જ પ્રિન્ટીંગના ભાવ વધારા આવતા રહ્યા છે, આવે છે અને આવતા રહેશે. આપણી પત્રિકા ન્યુઝ પ્રિન્ટ પેપરમાં છપાય છે. અત્યારના સંજોગોમાં આપણી જે ન્યુઝપેપર વાંચીએ છીએ તેના ૧૨ મહિના પહેલાં પસ્તીનો ભાવ રૂ. ૧૨ થી ૧૫ હતો જે પેપરની પસ્તીનો ભાવ રૂ. ૩૦ થી ૩૨ થઈ ગયો છે સાથે સાથે પૂંઠા (વેસ્ટ) રૂ. ૧૦ થઈ ૧૨ ભાવ હતો જે આજે રૂ. ૨૪ થી ૨૬ થઈ ગયો છે. જેના પરથી આપશ્રી સમજી શકો છો કે આવા સંજોગોમાં પત્રિકાનું સંચાલન દિવસે–દિવસે ખૂબ અઘરું બની રહ્યું છે. હાલ પત્રિકા માસિક રૂ. ૬/– ની પડે છે. આમ જોતા પ્રત્યેક પત્રિકા લાભાર્થીદીઠ રૂ. ૭૨/–નો પ્રતિવર્ષ ખર્ચે છે અને આસાધારણ સંજોગોમાં ગામગામે મંડળના પ્રોજેક્ટો વધે અને

પત્રિકામાં જન્માક્ષર છાપવાના વધુ આવે તો અંદાજિત વર્ષે રૂ. ૯૦/- જેટલો ખર્ચ થાય. હોદ્દેદારો એટલું તો સભાનતાપૂર્વક જાણે છે કે પત્રિકામાંથી નફો મેળવવા માટે કોઈ પ્રયત્ન નથી પરંતુ દિવસે-દિવસે વધુ ખર્ચા થતા હોવાથી હવે પછી ૨૦૦૧ થી ૩૦૦૦ સુધીના સભ્યોને મે-જૂન-જુલાઈ-૨૦૨૨ ત્રણ માસ પૂરતી પત્રિકા મોકલવામાં આવશે. ૨૦૦૧ થી ૩૦૦૦ સુધીના સભ્ય જે-તે વર્ષોમાં રૂ. ૩૦૦/-માં સભ્ય થયેલ છે. આવા સંજોગોમાં આપશ્રીને ૨૬ વર્ષથી નિયમિત રીતે પત્રિકા મળતી હતી. આ લાભ ચાલુ રાખવો હોય તો નવેસર આ સમયગાળા દરમ્યાન (૩ મહિના) રૂ. ૧૦૦૦/- ભરી નવા સભ્ય થઈ જવું.

આપશ્રીને જણાવવાનું કે હાલના આધુનિક યુગમાં આપશ્રીના નાણાંનો વ્યય કર્યા વગર આપશ્રી નિયમિત રીતે આપણી બાજખેડાવાળની વેબસાઈટ http://abbhs.in પર Patrika વિભાગ પર પત્રિકા મેળવી શકો છો. જેનો કોઈ વધારાનો ચાર્જ કે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેતું નથી. સમયાંતરે કદાચ એવું પણ બને કે આપણા સમાજનો ખૂબ જ સમજુ અને શિક્ષિત વર્ગ વેબસાઈટ ઉપરથી જ પત્રિકા મેળવી લે આવા સંજોગોમાં અમે ખાત્રી આપીએ છીએ કે નિયમિત રીતે આપને મોડામાં મોડી ૨૫મી તારીખે વેબસાઈટ પર પત્રિકા અપલોડ થયેલી મળી જશે.

**ખાસ નોંધ** – અત્યારના સંજોગોમાં પત્રિકા દર મહિનાની આખર તારીખમાં પોસ્ટ થાય છે તે નિશ્ચિત છે એપ્રિલ-મે-જૂન-જુલાઈમાં લગ્ન સિઝન આવતી હોવાથી સ્ટાફની ગેરહાજરીના કારણે કે લિમીટેડ કંપનીઓના રીપોર્ટો પોસ્ટ થતા હોવાના કારણે પત્રિકા વહેલી મોડી મળે તે શક્યતાઓ છે. ચાલુ મહિને ઘણાં ગામોમાં નવમી-દસમી તારીખે પત્રિકાઓ મળવાના ફોન પણ આવેલા છે આપશ્રીને પત્રિકા જો નિયમિત રીતે ના મળતી હોય તો સંસ્થાની ઓફિસે ફોન કરી એડ્રેસ ચેક કરાવી લેવું, પીન કોડ નંબર ચેક કરાવી લેવો અને આપની પત્રિકા નહીં મળવાની ફરિયાદ જે-તે એરીયાના પોસ્ટ માસ્ટરને લેખિતમાં કરવી. જેથી કરીને તેનો કાયમી નિકાલ થાય. તમે ઓફિસે ફોન કરશો તો આ લખાણમાં જે લખ્યું છે તે જ જવાબ મળશે તેનાથી વધારેની કોઈપણ કાર્યવાહી મેનેજરશ્રી કરી શકવામાં નથી. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

## ખુશ ખબર

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની મુખ્ય પ્રવૃતિ બાજખેડાવાળ જ્ઞાતિસમાજના ૬૦ વર્ષથી ઉપરના વિધવા-ત્યક્તા બહેનોને પોતાનું જીવન વ્યથિત કરવા માટે આર્થિક રીતે મદદરૂપ થવાનું રહ્યું છે. કાળક્રમે આમાં આપણે સૌ ભંડોળના પ્રમાણમાં નિયમિત રીતે વધારે કરતા રહ્યા છીએ. એપ્રિલ-૨૦૨૨ સુધી પ્રતિ માસે આપણે રૂ. ૧૩૦૦/- આપતા હતા. હાલમાં ૫૩ જરૂરીયાતમંદને આ રકમ આપણે આપીએ છીએ. હોદ્દેદારો દ્વારા સંસ્થાના વહીવટમાં જે કંઈ રકમો ભેગી થઈ છે તેની કાયદાની જોગવાઈમાં રહીને નિયમિત રીતે વ્યાજ વધારે મળે તેવા પ્રયત્નો કરીએ છીએ. જેથી આગામી ઓગષ્ટ-૨૦૨૨થી પ્રતિમાસ

રૂ. ૨૦૦૦/- પ્રત્યેક લાભાર્થીને આપવામાં આવશે. સંસ્થાના આવકના વધારાના રકમમાંથી થતા દાતાશ્રીઓની દાતારીને કારણે આ રકમમાં વધારો કરી શકીએ છીએ. છેલ્લા ૨ વર્ષમાં કોરોનાને કારણે અધિવેશનો કરી શક્યા નથી જેને કારણે અંદાજીત સંસ્થાને રૂ. ૧૦ લાખ જેટલું ભંડોળ ઓછું મળેલ છે. આપને કદાચ આ રકમ નાની લાગે તો આ વધારો ૧૨ મહિને રૂ. ૪,૪૫,૨૦૦/-નો થાય છે અને ૫૩ લાભાર્થીઓને ૧૨ મહિનાની રકમ ગણીએ તો રૂ. ૧૨,૭૨,૦૦૦/- જેવી વાર્ષિક સહાય હવે પછી ચુકવાશે.

બાજખેડાવાળ સમાજ આપણા વડે, આપણા માટે આપણા દ્વારા પગભર થયેલો સમાજ છે. વડવાઓની વહીવટી સુઝને કારણે વિશિષ્ટ સહાય ફંડમાં આવેલી રકમનું માત્ર વ્યાજ જ વાપરવાની પરંપરા આપણે જાળવી રાખી છે. જેને કારણે આપણે આ પરિસ્થિતમાં પહોંચી શક્યા છીએ. અંદાજીત રૂ. ૧,૯૨,૦૦,૦૦૦/- (અંકે એક કરોડ બાણું લાખ રૂપિયા) જેવી માતબર રકમ આપણી ભેગી કરી શક્યા છીએ. હોદ્દેદારોનો માત્ર ને માત્ર એવો પ્રયાસ રહ્યો છે કે આપણી વિધવા - ત્યક્તા બહેનોને કોઈની સામે હાથ લંબાવવો પડે નહીં. ૨૦૦૪ની સાલમાં એક એવા અભિગમ સાથે જે-તે વખતના પ્રમુખશ્રી કિરીટભાઈ દવે દ્વારા ટાર્ગેટ મુકવામાં આવેલ કે ઓછામાં ઓછા રૂ. ૨૦૦૦/- આપણે પ્રતિમાસ મદદરૂપે આપણી બહેનોને આપી શકીએ પરંતુ આ સમયગાળા દરમ્યાન ૧૮ વર્ષ વિતી ગયા છે. ૧૮ વર્ષ દરમ્યાન મોંઘવારી પણ અસહ્ય વધી રહી છે. આવો આપણે સૌ સાથે મળી નવો સંકલ્પ કરી ૨૦૨૫ સુધીમાં આ રકમ રૂ. ૨૫૦૦/- સુધી પહોંચાડવાનો પ્રયત્નો કરીએ.

આપણે બધા રોજ બરોજના જીવનમાં વર્ષગાંઠ, મેરેજ એનીવર્સરી જેવા અન્ય પ્રોગ્રામો કરતા હોઈએ છીએ ત્યારે ઘણી બધી મોટી રકમનો ખર્ચ કરતા હોઈએ છીએ આવા સંજોગોમાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં ઓછામાં ઓછા રૂ. ૫૦૦/- આપીએ અને ૧૦૦૦ જ્ઞાતિજન જો વર્ષે રૂ. ૫૦૦/- આપે તે ટીપે ટીપે સરોવર ભરાય તેમ રૂ. ૫,૦૦,૦૦૦/- ભેગા થાય અને જેના વ્યાજમાંથી આ વધારો કરી શકાય તથા દાતાશ્રીઓ દ્વારા પણ દાનની રકમ મળતી રહે તો આ ટાર્ગેટ વહેલો પૂરો થઈ જાય. હાલના સંજોગોમાં થીયેટરમાં પિક્ચર જોવા જઈએ તો પણ રૂ. ૫૦૦ થી ૧૦૦૦નો ખર્ચ આપણે કરી નાખતા હોઈએ છીએ આ અંગે અમારી નમ્ર અપિલ છે કે આપશ્રી ખૂબ જ અંતઃકરણપૂર્વક વિચારી મદદરૂપ થશો.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/–ના દાતા

આનંદ　　　　પ્રભુ પ્રાર્થના　　　　આનંદ

સ્વ. શ્રી મોહનલાલ બાપાલાલ ભટ્ટ પરિવાર અત્યંત આનંદ અને ગર્વની લાગણીની અનુભૂતિ કરતા સહર્ષ જણાવે છે કે, અમારા પરિવારની દિકરી અ.સૌ. કલાબેન ભરતકુમાર દેસાઈએ તેમના લગ્નજીવનના ૭૦ (સીતેર) વર્ષ સુખરૂપ પૂર્ણ કર્યા છે, પરમકૃપાળુ પરમાત્મા દંપતિને લાંબુ અને તંદુરસ્ત આયુષ્ય બક્ષે તેવી ભટ્ટ પરિવારની અંતઃકરણપૂર્વકની અભ્યર્થના.



**અ.સૌ. કલાબેન બી. દેસાઈ**
**ઉંમર ૯૦ વર્ષ**



**શ્રી ભરતકુમાર બી. દેસાઈ**
**ઉંમર ૯૧ વર્ષ**

**લગ્ન તારીખ**
**તારીખ ૦૭–૦૫–૧૯૫૨**

**શુભેચ્છક**

શ્રી હર્ષદરાય મોહનલાલ ભટ્ટ (વડોદરા)　　અ.સૌ. નયનાબેન હર્ષદરાય ભટ્ટ
શ્રી ઠાકોરલાલ મોહનલાલ ભટ્ટ (નડીયાદ)　　અ.સૌ. ઈન્દીરાબેન ઠાકોરલાલ ભટ્ટ
શ્રી રમેશભાઈ રસિકલાલ ભટ્ટ (યુ.એસ.એ.)　　અ.સૌ. ઈલાબેન રમેશભાઈ ભટ્ટ

શ્રી મિતેષ હર્ષદરાય ભટ્ટ
શ્રી જયેશકુમાર ઠાકોરલાલ ભટ્ટ (કેનેડા)
શ્રી નેહલરમેશભાઈ ભટ્ટ (અમેરિકા)

**પ્રેરક**
શ્રી ઠાકોરલાલ મોહનલાલ ભટ્ટ
૨૪, હરિઓમ સોસાયટી,
ડુમરાલ રોડ, નડીયાદ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. ઈન્દ્રવદન ભલાશંકર ભટ્ટ**

સ્વ. ઈન્દ્રવદનભાઈનો જન્મ ઉમરેઠના વતની એવા ભલાશંકર ભટ્ટને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ શાન્તાબેન હતુ. સ્વ. ઈન્દ્રવદન ભટ્ટનું એજ્યુકેશન રતલામ મુકામે થયું હતું. તેઓ બી.કોમ. પછી એમ.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. અભ્યાસ પૂર્ણ થયા બાદ સેન્ચુરીરેયોનમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરીમાં જોડાયા હતા અને કંપનીમાં સારી એવી નામના પ્રાપ્ત કરી હતી. તેમના લગ્ન સને ૧૯૬૮માં શ્રી હીમતલાલ ચંદુલાલ શેલતની દિકરી મંજુબેન (મીનાબેન) સાથે થયા હતાં. સ્વ. શ્રી ઈન્દ્રવદનભાઈને બે દિકરી અને એક દિકરો છે. મોટી દિકરી રૂપલબેન ભાવેશ શેલત દિકરી ઉર્મીલ તેમજ નાની દિકરી સેજલ આકાશ રાવલ શ્રી ઈન્દ્રવદન ભલાશંકર ભટ્ટનું અવસાન તા. ૧૮-૦૪-૨૦૨૧ને ચૈત્ર વદ બીજના રોજ થયેલ. તેઓશ્રી સ્વભાવે નરમ, સહુને મદદકર્તા તેવી જ ભાવના સાથે તેમના કુટુંબીજનો તરફથી સંસ્થાને રૂ. ૧૫૫૧/- શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને સમાજના વિકાસ માટે ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે આપેલ છે.

**લી.**
**શ્રી મીનાબેન (મંજુબેન) ઈન્દ્રવદન ભટ્ટ**
**શ્રી રૂપલ ભાવેશ શેલત**
**શ્રી ઉર્મીલ ઈન્દ્રવદન ભટ્ટ**
**શ્રી સેજલ આકાશ રાવલ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/–ના દાતા

।।શ્રી ઈષ્ટદેવાય નમઃ ।। ।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી લિમ્બચ પ્રસન્નોસ્તુ ।।

।। ૐ નમઃ શિવાય ।।

**આપના લગ્નજીવનની સુવર્ણ જયંતિ પ્રસંગે હાર્દિક શુભકામના**

विवाह दिनं इदम् भवतु हर्षदम् ।
मंगलम् तथा वां च क्षेमदम् ।।
प्रतिदिनं नवं प्रेम वर्धता ।
शत गुण कुलं सदा हि मोदता ।।
लोक सेवया देव पूजनमं ।
गृहस्थ जीवन भवत मोक्षदम् ।।



**સુરેન્દ્રકુમાર ઈન્દુરાય ઠાકર – મંજુલાબેન સુરેન્દ્રકુમાર ઠાકર**

**લગ્ન તા. ૧૭–૦૫–૧૯૭૨ વાર – બુધવાર**

**લગ્ન તિથી વૈશાખ સુદ ૫, વિક્રમ સંવત ૨૦૨૯**

પ્રિય માતા–પિતા,

ગણત્રી કરીએ તો ૫૦ વર્ષનો તમારા જીવનના ચઢાવ–ઉતારનો સાથે કરેલો પ્રવાસ, આ અડધી સદીની યાત્રા ઈશ્વરકૃપાએ સફળ થઈ છે અને આવનારા વર્ષો પણ નિર્વિઘ્ને સારા સ્વાસ્થ્ય સાથે આનંદ અને ખુશીથી પસાર થાય તેવી મહાદેવને પ્રાર્થના....

લગ્નના ૫૦ વર્ષનો આ માઈલસ્ટોન એ જીવનનો મહત્વનો પડાવ છે અને અહીંથી જ્યારે તમે પાછળના વીતેલા વર્ષોમાં ડોકિયું કરો ત્યારે પાછું તેમા જવાય નહીં, પરંતુ તમે જે કુશળતાથી અને નીતિમત્તાથી જીવનની કસોટીઓ પાર પાડી છે તે અમારા જીવનના પાથેય માટે અભ્યાસક્રમ સમાન છે.

તમે નિભાવેલી માતા, પિતા, ભાઈ, બાળકો તથા પૌત્ર અને પૌત્રી પ્રત્યેની દરેક જવાબદારી અને આ જવાબદારીઓ સાથે પ્રત્યેક વાર, તહેવાર અને સંબંધો પણ ભરપુર આનંદથી જાળવ્યા અને ઉજવ્યા છે જે અગણીત અને પ્રેરણા દાયક છે.

આજે તમારા પૌત્રી, પૌત્ર અને મિત્રો - સંબંધીઓ અને સર્વે કુટુંબીજનો, જે તમારા જીવનની યાત્રામાં સહભાગી થયા છે તે તમામ આપને અંતરથી શુભેચ્છાઓ પાઠવે છે.

અમારા જીવનની ઈમારતના પાયાના ઘડતરમાં તમારો અમુલ્ય ફાળો છે, જેનું ઋણ જગતની તમામ સંપત્તિથી અનેકગણું વધારે છે. આજ રીતે આપના આશીર્વાદ અમો સર્વે સદા રહે તેવી પ્રભુને પ્રાર્થના....

"ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહી
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહીં."

**સ્નેહાધીન**

ડૉ. હિના અતુલકુમાર ત્રિવેદી — ડૉ. અતુલકુમાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

દિવ્યાંગ સુરેન્દ્રકુમાર ઠાકર — જીગીષાબેન દિવ્યાંગકુમાર ઠાકર

રશ્મિકાંન્ત સુરેન્દ્રકુમાર ઠાકર — સેજલબેન રશ્મિકાંન્ત ઠાકર

રુદ્રી, શિખા, ધ્રુવિ, વેદાંત, વંદન, જનાર્દન અને ધ્વનિત

સ્વ. ઈન્દુરાય માણેકલાલ ઠાકર (ઉમરેઠ) સમસ્ત પરિવાર

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની દ્વિવાર્ષિક સાધારણ સભા તા. ૧૫-૦૫-૨૦૨૨ના રોજ, આણંદ મુકામે યોજાઈ જેમાં નીચે મુજબના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓની વરણી કરવામાં આવી હતી.

### ટ્રસ્ટીશ્રીઓ

(૧) શ્રી અશ્વિનભાઈ સી. દવે
(૨) શ્રી શૈલષભાઈ એન. જોષી
(3) શ્રી જગદીશભાઈ પી. દવે
(૪) શ્રી રાજેશભાઈ પી. દવે
(૫) શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ
(૬) શ્રી ભુપેન્દ્રભાઈ એ. ખંભોળજા
(૭) શ્રી જગતભાઈ એચ. દવે
(૮) શ્રી વાસુદેવભાઈ કે. શુક્લ

### હોદેદદારશ્રીઓ

(૧) શ્રી કિરીટકુમાર એમ. દવે - પ્રમુખ
(૨) શ્રી પ્રણવકુમાર એસ. જોષી - ઉપપ્રમુખ
(3) શ્રી તરલભાઈ એમ. ભટ્ટ - ઉપપ્રમુખ
(૪) શ્રી નીરવભાઈ એમ. દવે - ઉપપ્રમુખ
(૫) શ્રી સમીરભાઈ એસ. દવે - મંત્રી
(૬) શ્રી સનતભાઈ દવે - સહમંત્રી
(૭) શ્રી મયુરભાઈ એ. દવે - સહમંત્રી
(૮) શ્રી ફાલ્ગુનભાઈ એસ. ઠાકર - ખજાનચી

### કારોબારી સભ્યશ્રીઓ

(૧) શ્રી અશ્વિનભાઈ શેલત (૨) શ્રી હેતલભાઈ ભટ્ટ (3) શ્રી આશિકભાઈ મહેતા (૪) શ્રી સ્નેહલભાઈ મહેતા (૫) શ્રી શરદભાઈ દેસાઈ (૬) શ્રી હસમુકભાઈ સી. વ્યાસ (૭) શ્રી હાર્દિકભાઈ ભટ્ટ (૮) શ્રી રાકેશભાઈ પંડ્યા (૯) શ્રી ધવલભાઈ ત્રિવેદી (૧૦) શ્રી ધર્મેશ દેસાઈ (૧૧) શ્રી મૌલેશ મહેતા (૧૨) શ્રી ભાર્ગવભાઈ દવે (૧3) શ્રી પિયુષભાઈ દવે (૧૪) શ્રી મુકેશભાઈ દવે (૧૫) શ્રી દિનેશભાઈ દવે (૧૬) શ્રી પ્રશાંતભાઈ દવે (૧૭) શ્રી વિપુલભાઈ ત્રિવેદી (૧૮) શ્રી મહેશભાઈ દવે (૧૯) શ્રી ચિંતન પંડ્યા (૨૦) શ્રી દિપક શેલત (૨૧) શ્રી હસમુખભાઈ દવે (૨૨) શ્રી બિન્દેશ દવે (૨3) શ્રી પરેશભાઈ દવે (૨૪) શ્રી ગજેન્દ્રભાઈ ભટ્ટ (૨૫) શ્રી રાજેન્દ્રભાઈ દવે (૨૬) શ્રી શેલેષભાઈ દવે (૨૭) શ્રી અતુલભાઈ ડોળિયા (૨૮) શ્રી કિરણકુમાર પંડ્યા (૨૯) શ્રી હિતેશભાઈ ભટ્ટ (30) શ્રી છાયાબેન દવ

**કિરીટકુમાર દવે**
**પ્રમુખશ્રી**

**સમીરભાઈ દવે**
**મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.–અમદાવાદ

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. વાર્ષિક સાધારણ સભા તા. ૧૫–૦૫–૨૦૨૨ના રોજ, આણંદ મુકામે યોજાઈ. નીચે મુજબના તા. ૧૯–૦૯–૨૦૨૧ના રોજના રોજ યોજાયેલ વાર્ષિક સાધારણ સભામાં વરણી કરવામાં આવી હતી તેની માહિતી આ મુજબ છે.

### હોદેદદારશ્રીઓ

(૧) શ્રી પ્રણવકુમાર એસ. જોષી – પ્રમુખ
(૨) શ્રી જગતભાઈ એસ. દવે – ઉપપ્રમુખ
(૩) શ્રી શૈલેષભાઈ એન. જોષી – ઉપપ્રમુખ
(૪) શ્રી વાસુદેવપ્રસાદ કે. શુક્લ – ઉપપ્રમુખ
(૫) શ્રી સમીરભાઈ એસ. દવે – મંત્રી
(૬) શ્રી સનતભાઈ દવે – સહમંત્રી
(૭) શ્રી ફાલ્ગુનભાઈ એસ. ઠાકર – ખજાનચી

### કારોબારી સભ્યશ્રીઓ

(૮) શ્રી મહાવીરપ્રસાદ એમ. દવે (૯) શ્રી અશ્વિનભાઈ સી. દવે (૧૦) શ્રી જગદીશભાઈ પી. દવે (૧૧) શ્રી બંદિશભાઈ દવે (૧૨) શ્રી મુકેશભાઈ કે. દવે (૧૩) શ્રી શૈલેષભાઈ આર. દવે (૧૪) શ્રી કિરણકુમાર આર. પંડ્યા (૧૫) શ્રી કિરીટકુમાર એમ. દવે (૧૬) શ્રી રાજેશભાઈ પી. દવે (૧૭) શ્રી પ્રકાશભાઈ જી. પંડ્યા (૧૮) શ્રી ભૂપેન્દ્રભાઈ એ. ખંભોળજા (૧૯) શ્રી તરલભાઈ એમ. ભટ્ટ (૨૦) શ્રી કિરીટભાઈ દવે (૨૧) શ્રી પ્રશાંતભાઈ એન. દવે

**પ્રણવભાઈ જોષી** — **સમીરભાઈ દવે**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી વિદ્યાનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૪–૦૪–૨૦૨૨ના રોજ બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન ખાતે મળી. સંસ્થાના બંધારણ મુજબ ત્રિવાર્ષિક નવા નવા ચૂંટણી / નિમણૂંક કરવામાં આવી.

કિરીટકુમાર મંગુપ્રસાદ દવે – પ્રમુખશ્રી, જગદીશભાઈ પ્રાણશંકરભાઈ દવે – ઉપપ્રમુખશ્રી, જગતભાઈ હસમુખલાલ દવે – ઉપપ્રમુખશ્રી, પ્રણવકુમાર શશીકાંન્ત જોષી – મંત્રીશ્રી, સમીરકુમાર એસ. દવે – સહમંત્રીશ્રી, ફાલ્ગુન સનતકુમાર ઠાકર – ખજાનચી તથા નીચે મુજબના કારોબારી

સભ્યો (૧) અનિલકુમાર ઈશ્વરલાલ ઠાકર (૨) વાસુદેવભાઈ કે. શુક્લ (3) રાજેશભાઈ પી. દવે (૪) મહાવીરપ્રસાદ એમ. દેસાઈ (૫) મુકેશકુમાર કે. દવે (૬) ઉપેન્દ્રભાઈ એચ. દવે (૭) અશ્વિનભાઈ સી. દવે (૮) મહેશભાઈ સી. દવે (૯) ગૌરાંગભાઈ કે. પંડયા

શ્રી અનિલભાઈ ઠાકર ૧૯૮૬ની સાલથી વિવિધ હોદ્દા પર સંસ્થા સાથે જોડાયેલ હતા. તેઓશ્રી દ્વારા પ્રમુખ તરીકે સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરેલ હોવાથી તેઓશ્રીની સેવા બદલ સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું અને તેઓશ્રીની સેવાઓ સંસ્થાને મળતી રહેશે તેવું તેમના તરફથી વચન મળેલું છે. સંસ્થા તેઓશ્રીને આભાર માને છે.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**પ્રણવકુમાર જોષી** — **મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

### ચાલો ચાલો ચાલો જ્યાંથી વિરામ ત્યાંથી શરૂઆત....

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ અધિવેશનની વણથંભી વણઝાર ૧૭માં રાષ્ટ્રીય અધિવેશન ૨૦૦૫માં ક્ષિરજામ્બા મુકામેથી નિયમિત રીતે ચાલુ હતું સંસ્થાના હોદ્દેદારો બદલાય છતાં પણ નિયમિત રીતે અધિવેશનો યોજાતા હતાં. દરેક ગામે ગામના આમંત્રણને માન આપીને અથવા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સીધા નેજા હેઠળ આ અધિવેશનો યોજાતા હતા. છેલ્લું રાષ્ટ્રીય અધિવેશન ૨૦૧૯માં આણંદ મુકામે યોજાયેલું. ત્યારબાદ કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે અધિવેશનનો યોજાયેલા નહીં જે–તે સમયે વડોદરા બાજખેડાવાળ સમાજ દ્વારા અધિવેશન યોજવાની સંમતિ દર્શાવેલ તેઓના દ્વારા પ્રયત્નો પણ ચાલુ થઈ ગયેલ પરંતુ મહામારીના કારણે અધિવેશન યોજી શકેલ નહીં. ચાલુ સાલે તેઓશ્રીના પ્રમુખશ્રી સાથે અવાર–નવાર વાતો અને ચર્ચાનો દોર ચાલુ હતો પરંતુ તેઓશ્રીએ અનિચ્છા દર્શાવેલ હોવાને કારણે આગામી 33મું રાષ્ટ્રીય અધિવેશન આણંદ મુકામે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી કરીને જે વિરામ હતો ત્યાંથી આપણે શરૂઆત કરી શકીએ.

આગામી 33માં રાષ્ટ્રીય અધિવેશનની તારીખ અને સ્થળ ટૂંક સમયમાં આપશ્રીને જણાવવામાં આવશે. મોંઘવારી ગમે તેટલી વધે પરંતુ વધુમાં વધુ જ્ઞાતિ સમાજના સભ્યો આ અધિવેશનમાં ભાગ લે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. અધિવેશનમાં અધિવેશન સ્થળ, મંડપ, માઈક, સ્ટેજ, ફોટોગ્રાફી, મોમેન્ટો, ફુલહાર, મીનરલ વોટર, નાસ્તો, સંભારણું, ભોજન જેવા ખર્ચાઓ થતા હોય છે. જેમાં અમુક ખર્ચા કોમન છે પરંતુ ફક્ત અને ફક્ત સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને સાંજનું સંભારણું એ જ રકમ અંદાજીત રૂ. ૨૫૦/– થી રૂ. ૨૮૦/– થાય છે. આવા સંજોગોમાં જ્ઞાતિસમાજ દ્વારા દાતાશ્રીઓ તથા સૌજન્યો ઉઘરાવીને આ રકમ પૂર્ણ કરવામાં માટેના પ્રયત્નો કરીએ છીએ અને આગામી અધિવેશનમાં માત્ર રૂ. ૧૫૦/–માં રજીસ્ટ્રેશન કરવામાં આવશે. ખૂબ જ મઝાની તથા અગત્યની વાત એ છે કે

દાતાશ્રીઓના દાનના પ્રવાહમાં સમાજરૂપી પ્રવાહ તણાઈ જાય છે અને ખર્ચ કરતાં આવકનો વધારો થાય છે જે રકમનો ઉપયોગ સમાજની ગતિવિધિઓ માટે જ વાપરવામાં આવે છે. ગામેગામના મંડળો દ્વારા પોતાને થતા આવકના વધારામાંથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને પણ આ રકમ આપે છે. આ રકમમાં રૂ. ૨૦૦૦૦/- થી લઈને રૂ.૭૦૦૦૦૦/- સુધી ગામે ગામેના મંડળોએ જે-તે વર્ષમાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને આપેલ છે તેઓશ્રીઓને પણ આ તબક્કે આભાર માનીએ છીએ. પોતે ઉભી કરેલી પોતાની મહેનતથી મળેલ રકમમાંથી વિશિષ્ટ સહાય ફંડમાં રકમ આપવી એ પણ જે-તે જ્ઞાતિ સમાજ માટે ગૌરવ અને ઉદાહરણ રૂપ વાત છે. આગામી અધિવેશન અંગે વધુ માહિતી માટે, દાન આપવા માટે, સૌજન્ય આપવા માટે શ્રી કિરીટકુમાર દવે - પ્રમુખશ્રી બાજખેડાવાળ મંડળ-આણંદ (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭નો આપ સંપર્ક કરી શકો છો. સૌ જ્ઞાતિજનોનો નમ્ર વિનંતી છે કે અધિવેશનની તારીખ અને સ્થળ નક્કી થયેથી ગામે-ગામના મંડળોની માંગણી મુજબ અધિવેશનના પાસ આપવામાં આવશે. કદાચ કોઈ ગામ પાસે પાસ ન હોય તો આણંદથી પણ મેળવી શકે છે જેની નોંધ લઈ સહકાર આપશો. આભાર સહ

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુનભાઈ ઠાકર**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.

